

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-42 ■ તા. 16-10-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# હિમાચલમાં છેલ્લા સાડા ત્રણ દાયકાથી દર પાંચ વર્ષમાં સરકાર બદલવાનો ટ્રેંડ

## આ વખતે ટ્રેંડ યથાવત રહેશે કે પછી તુટી જશે પરંપરા



શિમલા,તા.૧૫

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચુંટણીની જાહેરાત થઇ ગઇ છે અને ૧૨ નવેમ્બરે મતદાન યોજાનાર છે અને ૮ ડિસેમ્બરે પરિણામ આવશે.જો કે હિમાચલ પ્રદેશમાં છેલ્લા સાડા ત્રણ દાયકાથી દર પાંચ વર્ષમાં સત્તા પરિવર્તનનો ટ્રેંડ ચાલી રહ્યો છે ભાજપ સત્તા પરિવર્તનની પરંપરાતને તોડવાની કવાયતમાં લાગી છે તો કોંગ્રેસ સત્તામાં વાપસીની આશા લગાવી બેઠી છે હવે એ જોવાનું રહેશે આ વખતે ટ્રેડ યથાવત રહે છે કે પછી ફરી પરંપરા તુટી જશે

હિમાચલની રાજનીતિમાં ૧૯૮૫ બાદથી અત્યાર સુધી યોજાયેલ વિધાનસભા ચુંટણીમાં દર વખતે સત્તા પરિવર્તન થયું છે હિમાચલમાં પાંચ વર્ષ કોંગ્રેસ તો પાંચ વર્ષ ભાજપ રાજ કરતી આવી રહી છે વર્તમાન સમયમાં ભાજપ સત્તા પર છે જેને કારણે કોંગ્રેસનો આત્મવિશ્વાસ વધી ગયો છે તેને સત્તામાં વાપસીની આશા દેખાઇ રહી છે પરંતુ ભાજપ આ ઇતિહાસને બદલવા માટે હરસંભવ પ્રયાસમાં લાગી છે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા હિમાચલના છે જેને કારણે ભાજપ માટે આ રાજય ખુબ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

હિમાચલમાં લાંબા સમય સુધી કોંગ્રેસનો દબદબો રહ્યો છે પરંતુ કટોકટી બાદથી રાજકીય પરિસ્થિતિ બદલાઇ ગઇ છે.હિમાચલમાં ૧૯૫૨થી લઇ ૧૯૭૭ સુધી કોંગ્રેસનું રાજ રહ્યું છે.યશવંત સિંહ પરમાર અને રામલાલ ઠાકુર કોંગ્રેસ સરકારમાં મુખ્યમંત્રી બનતા રહ્યાં છે.હિમાચલમાં નવા યુગની શરૂઆત કટોકટી બાદ શરૂ થઇ હતી ૧૯૭૭ની વિધાનસભા ચુંટણીમાં કોંગ્રેસને સત્તામાંથી બેદખલ થવું પડયું હતું અને જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર બની હતી.જનતા પાર્ટીની સરકારમાં શાંતાકુમાર મુખ્યમંત્રી બન્યા હતાં આ રીતે પહેલીવાર બિન કોંગ્રેસી સરકાર બની હતી.

કટોકટી બાદ ૧૯૮૦માં કોંગ્રેસે સત્તામાં વાપસી કરી અને ૧૯૮૫માં બીજીવાર સત્તામાં આવી પરંતુ ત્યારબાદથી જ સત્તા પરિવર્તનનો ટ્રેડ શરૂ થયો,૧૯૯૦ની વિધાનસભા ચુંટણી થઇ તો ભાજપ ૪૬ બેઠકો જીતી સત્તામાં આવી પરંતુ અયોધ્યામાં બાબરી વિધ્વંસ બાદ ૧૯૯૨માં સરકાર બરખાસ્ત કરી દેવામાં આવી આવામાં ૧૯૯૩માં વિધાનસભા ચુંટણી થઇ તો કોંગ્રેસ વાપસી કરવામાં સફળ રહી અને વીરભદ્ર સિંહ મુખ્યમંત્રી બન્યા પાંચ વર્ષ બાદ ૧૯૯૮માં વિધાનસભા ચુંટણી થઇ અને ભાજપે કોંગ્રેસને પરાજય આપ્યો અને સત્તામાં વાપસી કરી અને પ્રેમકુમાર ધૂમલ મુખ્યમંત્રી બન્યા

હિમાચલમાં કોંગ્રેસ અને ભાજપની વચ્ચે જ નહીં પરંતુ વીરભદ્ર સિંહ અને પ્રેમકુમાર ધૂમલની આસપાસ જ સત્તા ફરી રહી ૨૦૦૩માં વિધાનસભા ચુંટણી થઇ કોંગ્રેસે ભાજપને પરાજય આપ્યો અને સત્તામાં વાપસી કરી અને વીરભદ્ર મુખ્યમંત્રી બન્યા આ ચુંટણીમાં કોંગ્રેસે ૪૩ બેઠકો પર જીત હાંસલ કરી તો ભાજપ ૧૬ બેઠકો જ જીતી શકી ત્યારબાદ ૨૦૦૭માં વિધાનસભા ચુંટણી થઇ તો ભાજપને ૪૧ અને કોંગ્રેસને ૨૩ બેઠકો મળી આ રીતે ભાજપ સરકાર બનાવવામાં સફળ રહી અને પ્રેમકુમાર ધૂમલ મુખ્યમંત્રી બન્યા.ભાજપની સત્તામાં વાપસી થઇ તો જયરામ ઠાકુરના માથે સત્તાનો તાજ સજાવવામાં આવ્યો જયરામ ઠાકુર મુખ્યમંત્રીની લાંબી યાદીમાં નવું નામ જોડીને આવ્યા પરંતુ પાંચ વર્ષ બાદ તેમની પરિક્ષા છે દર પાંચ વર્ષમાં સત્તા પરિવર્તનની પરંપરાએ ભાજપ માટે ચિંતા વધારી દીધી છે પરંતું ભાજપે આ પરંપરાને તોડવા માટે હર સંભવ પ્રયાસો શરૂ કર્યા છે.

### બેલ્લારીમાં રાહુલની સભા

# કર્ણાટકમાં તમે પોલીસ સબ ઇસ્પેકટર બનવા ઇચ્છો છો તો તમે ૫૦ લાખ રૂપિયા આપી પાસ થઇ શકો છો

## આજે ભારતમાં ૪૫ વર્ષમાં સૌથી વધુ બેરાજગારી છે,વડાપ્રધાને દર વર્ષે બે કરોડ યુવાનોને નોકરી આપવાનું વચન આપ્યું હતુ



બેલ્લારી,તા.૧૫

કોંગ્રેસની ભારત જોડો યાત્રાના આજે ૩૮ દિવસ પુરા થઇ ગયા છે અને ૧૦૦૦ કિલોમીટરની પદ યાત્રા પુરી થઇ છે.આ પ્રસંગ પર બેલ્લારીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એક જાહેરસભાને સંબોધન કર્યું હતું અને યાત્રાના અનુભવ શેર કર્યા હતાં આ સાથે જ તેમણે ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતાં.રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે આજે ભારતમાં ૪૫ વર્ષમાં સૌથી વધુ બેરોજગારી છે વડાપ્રધાને કહ્યું હતું કે તે દર વર્ષ ૨ કરોડ યુવાનોને રોજગારી આપશે કયાં ગયા બે કરોડ રોજગાર.ઉલ્ટાનું કરોડો યુવાનોને બેરોજગાર કરી દેવામાં આવ્યા છે. યાત્રામાં મેં અનેક યુવાનોને પુછયુ છે કે શું તમને વિશ્વાસ છે કે કોલેજ બાદ તમને નોકરી મળી જશે. જવાબ મળતો હતો કે અમને વિશ્વાસ નથી અમને લાગતુ નથી કે અમને નોકરી મળશે

રાહુલ ગાંધીએ કહ્યું કે કર્ણાટકમાં ૨.૫ લાખ સરકારી પદ ખાલી કેમ છે.જો તમે પોલીસ સબ ઈસ્પેકટર બનવા માંગો છો તો તમે ૮૦ લાખ રૂપિયા આપી પાસ થઇ શકો છો પરંતુ તમારી પાસે પૈસા છે તો તમે કર્ણાટરમાં નોકરી ખરીદી શકો છે જો તમારી પાસે પૈસા નથી તો તમે જીવનભર બેરોજગાર રહી શકો છો.તેમણે આગળ કહ્યું કે અમે ભાઇચારા માટે ચાલી રહ્યાં છીએ પરંતુ આ યાત્રામાં બે ચાર અન્ય પણ મુદ્દા છે કોલેજ અને યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારા અનેક યુવાનો મળ્યા,કર્ણાટક સરકારને ૪૦ ટકા કમીશનનું નામ આપ્યું જે પણ કામ કરવાનું છે ૪૦ ટકા કમીશન આપી કરાવી શકાય છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે તમે અત્યાર સુધીની સૌથી વધુ કીમતોનો સામનો કરી રહ્યાં છો ભાર વધતા રહ્યાં છે અટકાતા નથી.વડાપ્રધાન પોતાના ભાષણોમાં કહેતા હતાં સિલેન્ડરની કીમત ૪૦૦ રૂપિયા છે.પોતાના દરેક ભાષણમાં બતાવતા હતાં કે કેવી રીતે અમારી માતા બેનો ૪૦૦ રૂપિયા સિલેન્ડરને કારણે પીડિત છે હવે તે સિલેન્ડરની કીંમત એક હજાર છે હવે વડાપ્રધાન કેમ બતાવે છે કે અમારી માતાઓ અને બહેનોને શું કરવું જોઇએ

તેમણે કહ્યું કે એક તરફ બેરોજગારી તો બીજી તરફ મોંધવારી છે મારી યાત્રા દરમિયાન કિસાનોથી મળ્યા અને તેમને તેમની સ્થિતિની બાબતે પુછયું કિસાન કોઇ મદદ વિના પૈસા કમાઇ શકે તેમ નથી અને કિસાનોની મદદ કરવાની જગ્યાએ પહેલીવાર ભારતના કિસાનોને જીએસટી આપવું પડશે કિસાનોનું કહેવુ છે કે તેમને એમએસપી મળી રહ્યું નથી આ સ્થિતિ દેશભરના કિસાનો સહન કરી રહ્યાં છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે કેટલાક દિવસોથી અમે ભારત જોડો યાત્રા દ્વારા કન્યાકુમારીથી કાશ્મીર જઇ રહ્યાં છીએ ૩૫૦૦ કિમીનું સફર છે.શરૂઆત કન્યાકુમારીથી કરી ત્યારબાદ કેરલ અને હવે કર્ણાટક આવ્યા છીએ શરૂઆતમાં અમે બધાએ વિચાર્યું હતું કે ૩,૫૦૦ કિમી ચાલવું સરળ વાત નથી જયારે અમે ચાલવાનું શરૂ કર્યું ત્યારે આ ખુબ સરળ લાગ્યું એવું લાગી રહ્યું હતું કે કોઇને કોઇ શક્તિ પાછળથી આ યાત્રાને આગળ ચલાવી રહી છે આ યાત્રા અમે કેમ શરૂ કરી,તેનો શું અર્થ છે,શું લક્ષ્ય છે અને જે અમને રોજ મદદ મળી રહી છે તે શું છે અને જે શક્તિ અમને કેમ દદ કરી રહી છે તે સવાલ ઉઠે છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે અમે આ યાત્રાને ભારત જોડો યાત્રાનું નામ આપ્યું છે કારણ કે હજારો લોકોને લાગે છે કે ભાજપ આરએસએસની વિચારધારા દેશને તોડી રહી છે નબળી કરી રહી છે આ હિન્દુસ્તાન પર એક રીતનું આક્રમણ છે જયારે પણ યાત્રામાં થાક લાગે છે ત્યારે કોઇને કોઇ દોડતો આવે છે અને મદદ કરી ચાલ્યો જાય છે કયારેક નાનો બાળક કંઇ કહી દે છે કયારેક કોઇ વિકલાંગ વ્યક્તિ આવી કંઇ કહી દે છે કયારેક કોઇ વૃધ્ધ આવી કંઇ કહી દે છે તે શબ્દોથી મદદ મળી જાય છે. રાહુલ ગાંધીએ કહ્યું કે આ યાત્રામાં તમને નફરત જોવા નહીં મળે યાત્રામાં તમને હિંસા જોવા નહીં મળે ભીડમાં જયારે કોઇ પડી જાય છે ત્યારે કોઇને ઈજા થાય છે બધા તેની મદદ કરે છે તેમને એ પુછવામાં આવતું નથી કે કયાં ધર્મનો છે,કંઇ જાતિનો છે અમે એક મહીનાથી યાત્રામાં ચાલી રહ્યાં છીએ આ યાત્રામાં અલગ અલગ ધર્મના લોકો અલગ અલગ જાતિના લોકો વૃધ્ધ બાળકો મહિલાઓ બધા એક થઇ ચાલી રહ્યાં છીએ

# મુખ્યમંત્રી અશોક ગહલોત બળવો કરવાના માર્ગ પર : ભાજપ નેતાનો દાવો

જયપુર,તા.૧૫

ભાજપના નેતા અમિત માલવીયે મોટો દાવો કર્યો છે.ભાજપ આઈટી સેલના વડા માલવીયાએ રાજસ્થાનના મુખ્યમંત્રીને લઈ કહ્યું છે કે તે બળવો કરવાના માર્ગ પર છે.પોતાના આ દાવાના પક્ષમાં માલવીયે એક વીડિયો પણ જાહેર કરી હતી આ વીડિયોમાં અશોક ગહલોત એક કાર્યક્રમ દરમિયાન જાહેર ક્ષેત્રના એકમ કોલ ઈન્ડિયા અને કેન્દ્રીય કોલસા મંત્રી પ્રહલાદ જોશીની પ્રશંસા કરતા જોવા મળી રહ્યાં છે.

અમિત માલવીયે પોતાના ટ્વીટમાં કહ્યું કે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત કોંગ્રેસની વિરૂધ્ધ બળવો કરવાના માર્ગ પર છે.

પોતાના આ દાવાના પક્ષમાં તેમણે એક વીડિયો જારી કરી હતી જેમાં મુખ્યમંત્રી કેન્દ્રીય કોલસા મંત્રી પ્રહલાદ જોશીની પ્રશંસા કરી રહ્યાં છે.ભાજપ નેતાએ દાવો કરતા કહ્યું કે કોઈ ભુલ ન કરો ગહલોત બળવાના માર્ગ પર છે.રાહુલ ગાંધીની ઈચ્છા વગર ગૌતમ અદાણીને આમંત્રિત કર્યા બાદ તે મુશ્કેલ સમયમાં રાજસ્થાનની મદદ કરવા માટે કોલ ઈન્ડિયા અને કેન્દ્રીય મંત્રી જોશીની પ્રશંસા કરી રહ્યાં છે આ કોંગ્રેસના આક્રમક વલણની બિલકુલ વિપરીત છે.

એ યાદ રહે કે ત્રીજીવાર રાજસ્થાનના મુખ્યમંત્રી બનેલ ગહલોત ભાજપના કટ્ટર ટીકાકાર છે તાજેતરમાં જયપુરમાં કોંગ્રેસ વિધાનસભાની બેઠક દરમિયાન તેમના સમર્થક ધારાસભ્યો દ્વારા કરવામાં આવેલ એક સમાનાંતર બેઠકે કોંગ્રેસ નેતૃત્વની સાથે તેમના સંબંધોમાં તનાવ ઉભો કરી દીધો છે.તે સમયે ગહલોત કોંગ્રેસ અધ્યક્ષ પદની દોડમાં સૌથી આગળ ચાલતા હતાં અને તેમનો મુકાબલો શશિ થરૂર સાથે થવાનો હતો પરંતુ બાદમાં બનેલ ધટનાક્રમો બાદ તેમણે આ પદની દોડમાંથી ખુદને અલગ કરી દીધી હતાં હાલ કોંગ્રેસ અધ્યક્ષ માટે થરૂરનો મુકાબલો વરિષ્ઠ નેતા મલ્લિકાર્જૂન ખડગે સાથે છે.

કોંગ્રેસની અનુશાસનાત્મક કાર્યવાહી સમિતિને રાજસ્થાનના રાજકીય સંકટથી જોડાયેલ મામલામાં મુખ્યમંત્રી ગહલોતના સમર્થક તે ત્રણેય નેતાઓનો જવાબ મળી ગયો છે જેમને ગત ૨૭ સપ્ટેમ્બરે નોટીસ જારી કરવામાં આવી હતી. સુત્રોનું કહેવુ છે કે તાકિદે અનુશાસનાત્મક સમિતિની બેઠક બોલાવવામાં આવશે અને આગળની કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવશે. એ યાદ રહે કે ગહલોતનના વફાદારો સંસદીય મામલાના મંત્રી શાંતિ ધારીવાલ,મુખ્ય સચેતક મહેશ જોશી અને રાજસ્થાન પર્યટન વિકાસ નિગમના અધ્યક્ષ ધર્મેન્દ્ર રાઠોડે પોતાનો જવાબ અનુશાસનાત્મક કાર્યવાહી સમિતિને આપી દીધો છે.

# કર્ણાટકમાં હિજાબનો મુદ્દે ચુકાદો આપનાર ન્યાયમૂર્તિ હેમંત ગુપ્તા સુપ્રીમ કોર્ટને અલવિદા કહી

નવીદિલ્હી,તા.૧૫

કર્ણાટકમાં હિજાબનો મુદ્દે બહુ વ્વિાદ ચાલી રહ્યો છે. આ વિવાદ હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. તાજેતરમાં કર્ણાટક હિજાબ બેન કેસ પર સુનાવણી અને નિર્ણય આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના બંને જજોના અલગ-અલગ અભિપ્રાયને કારણે હિજાબ પ્રતિબંધનો મામલો મોટી બેંચને મોકલવામાં આવ્યો છે. હેમંત ગુપ્તાએ શૈક્ષણિક સંસ્થાઓમાં હિજાબ પ્રતિબંધને યોગ્ય ઠેરવ્યો હતો.ઉલ્લેખનિય છેકે જસ્ટિસ હેમંત ગુપ્તા સુપ્રીમ કોર્ટના બે ન્યાયાધીશોમાં સામેલ હતા જેમણે તાજેતરમાં કર્ણાટક હિજાબ બેન કેસ પર સુનાવણી કરી અને ચુકાદો આપ્યો હતો.

જસ્ટિસ હેમંત ગુપ્તાએ સુપ્રીમ કોર્ટને અલવિદા કહી કહ્યું કે ન્યાયાધીશોની ભૂમિકા લોકોને ખુશ કરવાની નથી પરંતુ કાયદા અનુસાર કેસનો નિર્ણય લેવાની છે. જસ્ટિસ હેમંત ગુપ્તા ૧૬ ઓક્ટોબરે નિવૃત્ત થવાના છે. શુક્રવારે ૧૪ ઓક્ટોબરે જસ્ટિસ હેમંત ગુપ્તાના કાર્યકાળનો છેલ્લો દિવસ હતો. તેમના છેલ્લા કામકાજના દિવસે જસ્ટિસ હેમંત ગુપ્તાએ કહ્યું કે જજ લોકોને ખુશ કરી શકતા નથી કારણ કે તે તેમને સોંપવામાં આવેલી જવાબદારી નથી. અમારું કામ કાયદા હેઠળ નિર્ણય લેવાનું છે.

જસ્ટિસ હેમંત ગુપ્તા સુપ્રીમ કોર્ટમાં લગભગ ચાર વર્ષના કાર્યકાળ બાદ ૧૬ ઓક્ટોબરે નિવૃત્ત થઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં તેમનું વિદાય ભાષણ આપતા, હેમંત ગુપ્તાએ કહ્યું, ×એક ન્યાયાધીશ લોકોને ખુશ કરી શકતો નથી... કારણ કે તે તેમને સોંપાયેલ કામ નથી. લોકોને ખુશ કરવાની જવાબદારી અમારી નથી. આ ભૂમિકા જાહેર જીવનમાં અન્ય લોકોને સોંપવામાં આવે છે.

જસ્ટિસ હેમંત ગુપ્તાએ કહ્યું, ×લોકોને ખુશ કે દુઃખી કરવાના ઈરાદાથી કોઈ જજની ભૂમિકા નિભાવી શકે નહીં. હું કોર્ટમાં કડક હતો, પરંતુ મેં મારી સમજણ મુજબ જે પણ નિર્ણય લીધો તે પાસ કરવામાં આવ્યો છે. જસ્ટિસ હેમંત ગુપ્તાએ કહ્યું કે તેમને તેમના કોઈપણ નિર્ણય માટે કોઈ અફસોસ કે પસ્તાવો નથી.

# 'ટ્રીપલ એકસ' વેબસીરીઝમાં વાંધાજનક દ્રશ્યો માટે સુપ્રીમની એકતાકપુર અને તેના વકીલ રોહતગીને ફટકાર

નવીદિલ્હી તા.૧૫

એક જમાનામાં દૂરદર્શન પર રજૂથતી સીરીયલોમાં સામાજીક ચેતના દર્શાવાતી હતી. પરંતુ છેલ્લા બે દાયકાથી એકતા કપુર તેની સીરીયલોમાં એવા વિષયો રજૂ કરે છે, જેનાથી સામાજીક તાણાવાણા તૂટે. છેલ્લે તો એકતા કપુરે હદ કરી નાખી. તેની વેબ સીરીઝ ટ્રીપલ એકસમાં એક સૈનિકની પત્નીના વાંધાજનક દશ્યો કે પરિવાર સાથે જોઈ ન શકાય તેવા દશ્યોને લઈને એકતાકપુર સામે બિન જામીનપાત્ર વોરંટ ઈસ્યુ થયું હતું.

જેને એકતાકપુરે સુપ્રીમ કોર્ટમાં પડકારતા એકતા કપુર અને એકતા કપુર તરફથી રજૂ થયેલા દેશના જાણીતા વકીલ મુકુલ રોહતાંગીને સુપ્રીમ કોર્ટે ખખડાવી નાખ્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે આવા કન્ટેન્ટ દેશની યુવા પેઢીના મગજને બગાડી રહ્યા છે.

સુપ્રીમકોર્ટના જસ્ટીસ અજય રસ્તોગીએ અને સીટી રવિકુમારની બેન્ચે કહ્યું હતું કે કંઈક તો કરવું જોઈએ. ઓટીટી પ્લેટફોર્મ પર જે કન્ટેન્ટ રજૂ કરાય છે તે બધાને માટે હોય છે. જેને કારણે યુવા પેઢીનું મગજ બગડે છે.એકતાકપુરના વકીલ મુકુલ રોહતગીએ બચાવમાં દલીલ કરી હતી કે ઓટીટી પ્લેટફોર્મ પર જે કન્ટેન્ટ હોય છે તે મેમ્બરશીપ પર નિર્ભર હોય છે, અને દેશમાં બધાને પસંદ કરવાની આઝાદી મળી છે, ત્યારે સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો કે આખરે કેવા પ્રકારનો વિકલ્પ આપવામાં આવી રહ્યો છે? તમે જયારે પણ અદાલતમાં આવો છો તો આપના વખાણ ન થાય, અમે આવી અરજી પર નુકસાનીનું વળતર લગાવશું.

# મોદી ચા વેચનાર નહીં પણ બહુરૂપીયા છે : જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ લલન સિંહ

પાટણ,તા.૧૫

જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ લલન સિંહે ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર પ્રહારો કર્યા છે. તેણે પીએમ મોદી માટે વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો છે.

લલન સિંહ પટણામાં જદયુ કાર્યાલયમાં એક બેઠક સમારોહમાં કાર્યકર્તાઓને સંબોધિત કરી રહ્યા હતા. લલન સિંહના આ નિવેદન બાદ બિહારના રાજકારણમાં ગરમાવો આવવાની શક્યતા વધી ગઈ છે. ભાજપ તેને મુદ્દો બનાવી શકે છે.

લાલન સિંહે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર બહુરૂપિયા છે અને તેઓ ૧૨ દિવસમાં ૧૨ રૂપ બતાવે છે, પરંતુ પછાત સમાજના લોકોમાં તેમનો ચહેરો ખુલ્લો પડી ગયો છે. તેઓ પોતાને પછાત વર્ગ તરીકે વર્ણવે છે, જયારે તેઓ વાસ્તવિકતામાં પછાત નથી. લલન સિંહે કહ્યું કે મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી તેમની જાતિને પછાત વર્ગમાં સામેલ કરવામાં આવી પણ તેઓ વાસ્તવમાં ઓબીસી નથી.

## તંત્રી લેખ


# ખંડિત ચુકાદો



સ્કૂલોમાં હિજાબ પહેરવાની પરવાનગી કે મનાઈ પર વિવાદ હજુ ઊભો જ રહ્યો છે. સુપ્રીમ કોર્ટ પાસેથી આશા હતી કે કોઈ નિર્ણાયક ફેંસલો આવશે, પરંતુ બંને ન્યાયમૂર્તિ એકમત ન થયા. હિજાબ પર બંને જજોનો અભિપ્રાય વિરુદ્ધ દિશાનો રહ્યો, તેથી હવે કેસ મોટી પીઠને સોંપવામાં આવશે, જેથી સ્પષ્ટ ચુકાદો આપી શકાય. જોકે મોટી વાત એ રહી કે સ્કૂલોમાં યુનિફોર્મ જ ફરજિયાત રાખવા કે પછી તેમાં હિજાબ જેવી છૂટછાટો આપવી? કારણ કે પછી તો એવી છૂટછાટોનો કોઈ અંત નહીં આવે અને તેને લીધે સ્કૂલોનું વાતાવરણ ડહોળાય તેવું પણ બની શકે! ધ્યાન રહે, કર્ણાટક હાઈકોર્ટે રાજ્યની શિક્ષણ સંસ્થાઓમાંથી હિજાબ પર પ્રતિબંધ હટાવવાનો ઈનકાર કરી દીધો હતો. એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. પૂરેપૂરી સુનાવણી છતાં બે ન્યાયમૂર્તિઓનું એકમત ન થવું ભારત જેવા દેશ માટે કોઈ નવી કે વિચિત્ર વાત નથી. આ ન્યાય જગતમાં એવો પડાવ છે જેને યાદ રાખવામાં આવશે. જોકે હવે ભ્રમ અને વિવાદનો અવકાશ વધી ગયો છે.

દેશમાં આ વિષય પર ખૂબ ચર્ચા થઈ છે, આગળ પણ ચર્ચા ચાલુ રહેશે અને તેમાં સમય-સંસાધનનો પણ વ્યય થશે. આપણે આજના દોરમાં સતત જોઈ રહ્યા છીએ કે બહુ મામૂલી વિષય પર દેશમાં બબાલ ઊભી કરી દેવામાં આવે છે અને એવા વિષયોને વધુ પસંદ કરવામાં આવે છે, જે નફરત વધારવાનું કામ કરે છે. હિજાબ મામલો પણ એવો જ છે અને તેને ઉઠાવવાનું કામ કર્યું હતું હાલમાં પ્રતિબંધિત પીએફઆઈ સંગઠને! પીએફઆઈની વિદ્યાર્થી પાંખે આ મુદ્દો ચગાવ્યો હતો અને એવી હવા ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો કે દેશમાં હિજાબ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ખરેખર તો વાત માત્ર શાળાઓ પૂરતી જ મર્યાદિત હતી, પરંતુ વિવાદને ચગાવવામાં પીએફઆઈ સફળ રહ્યું. સુપ્રીમના ચુકાદામાં એક ન્યાયમૂર્તિ ધુલિયાએ એવું સ્ટેન્ડ લીધું કે હિજાબ પહેરવો એક વ્યક્તિની આઝાદીના અધિકાર અંતર્ગત સુરક્ષિત છે. જોકે એમણે એ સ્પષ્ટ ન કર્યું કે શિક્ષણ સંસ્થાઓમાં જે યુનિફોર્મ નક્કી કરાયા હોય ત્યારે તેમાં ધાર્મિક ઓળખનો કોઈ પહેરવેશ પહેરવો કેટલી હદે યોગ્ય છે? જો એવું થાય તો કાલે ઊઠીને હિંદુ છાત્રો કેસરિયો ખેસ પહેરીને આવવાની માંગ કરશે અને પછી તો શાળાઓમાં ભણતર એકબાજુ રહેશે અને આવા ધાર્મિક વિવાદોને જ વધુ ઉત્તેજન મળશે. ન્યાયમૂર્તિઓએ આ દિશામાં પણ વિચારવું જોઈએ. ખરેખર તો હિજાબ મુદ્દે રાજનીતિ જ થઈ રહી છે. આ વિષય જટિલ છે. મુસ્લિમોમાં પણ મોટી સંખ્યામાં એવી મહિલાઓ છે જે હિજાબ વિરોધી છે. ઈરાન તો ઈસ્લામી દેશ છે, પરંતુ ત્યાં હિજાબ વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું છે. આ તરફ સ્વિટ્ઝરલેન્ડ બુરખા પર પ્રતિબંધની તૈયારીમાં છે. વળી, દરેક શિક્ષણ સંસ્થાઓના પોતાના કાયદા હોય છે, એ જ હિસાબે છાત્રા-છાત્રાઓએ પોશાક પહેરવા પડે છે.

# આન્યા મૃણાલ- પ્રકરણ ૧૩/ વિજય શાહ




'મૃણાલ'

આ નામથી એડ કેમ્પેઈન ચાલુ થવા માંડ્યું ત્યારે માધવીબહેન માનતાં હતાં તેમ મૃણાલ પ્રસિદ્ધિની સીડી સડસડાટ ચઢવા માંડી. તેનાં સ્કેચ અને ફોટાની માંગ વધવા માંડી.

એક દિવસ જ્યારે મા અને દીકરો એકલાં હતાં ત્યારે કૈરવને માધવીબહેને કહ્યું " આ 'અભિમાન' ફિલ્મની કથા તમારા જીવનમાં ચાલુ થઈ ગઈ હોય તેવું મને કેમ લાગે છે?"

કૈરવ કહે " મોમ! તમે કૈરવને ઓળખતા નથી.. જે હાથે તે ચઢાવી શકે છે તે હાથે તે ઊતારી પણ શકે છે."

"એનાં કાના અને યશોદાનાં ચિત્રો જોયાં?"

"હા મોમ, સરસ પેન્ટિંગ છે."

પણ જે જોવું જોઈએ તે તું નથી જોતો.."

"શું મોમ?"

"કાનો કૈરવ જેવો નથી દેખાતો."

"મોમ ..તો યશોદા પણ ક્યાં મૃણાલ જેવી છે?"

"તને સમજ નથી બેટા, પ્રસુતા જેનાં ચિત્રો નજર સામે રાખે બાળક એનાં જેવું થાય.."

"મોમ! હવે એ વીસમી સદીની વાતો રહેવા દો... અને મને ખબર છે મૃણાલને બેબી છે."

"આશા રાખુ તારા જેવી હોય."

"એટલે? મને તો મારી દીકરી મૃણાલ જેવી જ જોઈએ છે.. ઘાટીલી અને મીઠડી.."

"મીઠડી .. માય ફૂટ.. તે તો મૂંગી, મૂંઝાયેલી અને મૂરઝાયેલી હોય છે. સહેજ પણ ચહલપહલ કે ચેતન વગરની."

"હા મોમ, એને તો કૈરવ જેવી જ બનાવજો હં કે" .મૃણાલ ત્યાં આવી ને ટહુકી...

"હા.. હા..બરોબર એવી જ..કૈરવ અને મમ્મી બંને સાથે બોલ્યા.

મૃણાલે બરોબર જ સાંભળ્યુ હતું તે તો મૂંગી, મૂંઝાયેલી અને મૂરઝાયેલી છે. પણ હવે મારી દીકરી આવે છે ને મારી મૂંઝવણો દૂર કરવા..તેણે ઊંડો શ્વાસ લઈને પોતાની જાતને આશ્વાસન આપતાં વિચાર્યુ.

"કૈરવ, હવે તો પેટમાં બેનબા ગરબા ગાય છે. જો હાથ મૂક એટલે તેની લાતો અનુભવાશે."

કૈરવને આ બચપણ ના ગમ્યું પણ મમ્મી એ ઊઠીને તેના પેટ ઉપર હાથ મૂક્યો એટલે કૈરવે મમ્મીને પુછ્યુ.. "શું થાય છે મમ્મી?"

"હા જો તો ખરી કેવી ઉછળકૂદ કરે છે!" અને બધા આનંદમાં મલકી ઉઠ્યા.

મૃણાલ હવે થોડી અધીરી થવા માંડી હતી. એને આ નવા પ્રોજેક્ટને લઈને જેટલો ઉત્સાહ હતો એનાં કરતાં અધિક ઉમળકો આવનાર બાળક માટે હતો.

"કૈરવ મારા આ કાના અને યશોદાનાં ચિત્રો મારે જલ્દી પતાવવા છે પછી તો સમય મળવાનો જ નથી."

"એટલે " માધવી બહેને વાતને વધુ સ્પષ્ટ કરવા પૂછ્યું, " પછી સ્ટુડિઓ બંધ?"

"હા મોમ, પછી આ બધું બંધ.. હું અને આપણી ઢીંગલી અને આપણે બધા...મઝા જ મઝા"

"કાન હસતો યશોદાને દ્વાર"ની મૅન્યુસ્ક્રિપ્ટ અને ચિત્રોની સીડી જ્યારે પ્રભુ આશરે જોઈ ત્યારે આનંદી ઊઠયા. "મૃણાલબહેન, અત્યારથી જ કહી દઉં છું કે તમારું આ પુસ્તક પણ "કંપન" ની જેમ એકદમ સફળ થશે જ..દરેક ચિત્રની સમજણપૂર્વક છણાવટ અને કાનને લખાયેલાં હાલરડાં તો એકદમ હૃદયસ્પર્શી છે.

પૂરા દિવસે આન્યા જન્મી..એક સાથે છ જણાને નવી પદવી મળી.. બધાનાં આશીર્વચનો લેતી અને બધાને હસાવતી આન્યાએ જ્યારે ભેંકડો તાણ્યો ત્યારે સૌ હસ્યા..

આન્યાનું બચપણ પોતાની ગતિએ જતુ હતુ અને મૃણાલનું માતૃત્વ નિખરતુ હતુ...સ્ટુડિયોમાં પીંછી અને કેન્વાસ લાંબી નિંદ્રા ખેંચી રહ્યા હતા પણ અજયભાઈનો સાડી પ્રોજેક્ટ "મૃણાલ" નિષ્ફળતા તરફ વહેતો હતો તેથી કૈરવ તણાવયુક્ત હતો..તે સમજી ગયો હતો કે જે ચાલ્યુ હતું તે મૃણાલની કલમને લીધે હતું નહીં કે કૈરવની માર્કેટિંગ ક્ષમતાને લીધે. વળી બાકી હોય તેમ " કાન હસતો યશોદાને દ્વાર" પુસ્તકે છ જ મહિનામાં ત્રીજા પુનઃમુદ્રણનો ડંકો વગાડ્યો બે લાખ રૂપિયાનાં ચેક સાથે.

માધવીબહેનની વાત હવે કૈરવને સાચી લાગતી હતી....પુરુષ ઈગો છંછેડાતો હતો. તેની ક્યારેય નોંધ લેવાતી નહીં નોંધ તો હંમેશા મૃણાલની લેવાતી.. તેના ચિત્રોની લેવાતી અને તેની કલમની લેવાતી. આ વાહ વાહ તેને હવે પોતાની દુશ્મન લાગતી.

કોઈપણ જાહેર સમારંભમાં જાય તો ત્યાં કૈરવ કરતા મૃણાલને વધુ સન્માન મળે એ કૈરવથી સહન ન થતા એનો ઈગો કરંડીયામાં પૂરેલા નાગની જેમ છંછેડાયો હતો. એના સીધા ફૂંફાડા અને ગરમીથી બંને વચ્ચેની રહી સહી નિકટતા ઓગળતી જતી હતી.

મૃણાલે કહેલ વાક્યો હજી તેને ડંખતા હતા.. "તું પુરુષ છે. મને તારા હાસ્યમાં કે તારા વહાલમાં કોણ જાણે કેમ એક અજાણ્યો મનુષ્ય જ દેખાયા કરે છે. મને કેમ તારા ઉપર હજી ભરોસો નથી બેસતો. તારા મનમાં હું તને જોઈતી રાજકુમારી દેખાઈ ગઈ અને તેં મને હાંસલ કરી..પણ મારા મનને ગમતા રાજકુમાર અને તારા એક ચહેરા કેમ નથી થતા?"

આમ તો એ ત્રણ વર્ષ જૂની વાત હતી છતાં તેનો ઈગો આજે પણ અમળાતો હતો..એને વારંવાર થતું કે મેં ખોટી ગરજ બતાવી.. હવે જાણે તે મારા ઉપર ઉપકાર કરતી હોય તેમ વર્તે છે. આમેય જ્યારે એને જે સત્ય સામે દેખાયું કે સામેનું પાત્ર તેના કરતા ઘણું ઊંચુ છે ત્યારે તો નાની નાની વાતે એની અકળામણ છતી થવા માંડી હતી..

મૃણાલની વધતી જતી પ્રતિષ્ઠાથી કોઈપણ જાતના કારણ વગર કૈરવ હંમેશા છંછેડાયેલો રહેતો અને વિના વાંકે મૃણાલ હિજરાતી જતી હતી.

આલેખન:વિજય શાહ
Rajul Kaushik
http://www.rajul54.wordpress.com

# ચૂંટણી પહેલાં જૂનાગઢના સાંસદના ગામમાં જ ભાજપના પ્રવેશવા પર પ્રતિબંધ લાગ્યો

જૂનાગઢ,તા.૧૫

ગુજરાતમાં ચૂંટણી પહેલાં સરકાર સામે વિરોધ વધતો જ જાય છે. ભાજપ સરકારે માલધારી સમાજની વાત સુદ્ધાં કરી ન હોવાથી રોષે ભરાયેલા માલધારી સમાજે જૂનાગઢના ચોરવાડ ગામમાં બેનરો લગાવી દીધા છે. આ ગામ જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસ્માનું છે.જેમના ઘરે જવાના રસ્તા પર આ બેનર લાગ્યા છે. ભાજપ માટે આ કપરી સ્થિતિ દર્શાવી રહ્યાં છે. સૌરાષ્ટ્રમાં આમ પણ ભાજપ મજબૂતી માટે પ્રયાસો કરી રહ્યું છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટો ઝટકો જૂનાગઢ અને અમરેલી જેવા જિલ્લાઓમાં પડ્યો હતો.




હવે આ જિલ્લાઓમાં માલધારી સમાજ ખુલીને સામે આવ્યો છે. જૂનાગઢના ચોરવાડમાં હવે પોસ્ટરો લાગ્યા છે, જેમાં લખ્યું છે કે ભાજપના લોકો અમારા ગામમાં મત માંગવા ન આવે. ભાજપ માલધારી વિરોધી પાર્ટી છે.

આમ ચૂંટણી પહેલા જ્યારે પ્રચાર અને બેઠકોનો દોર શરૂ છે ત્યારે હવે ચોરવાડમાં ભાજપના નેતાઓને પ્રવેશવા પર રબારી, ભરવાડ, માલધારી અને ચારણ સમાજે પ્રતિબંધ લગાવ્યો છે. આ સ્થિતિ આગળ વધી તો સરકારને મોટો ઝાટકો લાગી શકે તેમ છે.

### કેવડિયામાં રાષ્ટ્રીય કોન્ફરન્સ

# સ્વસ્થ સમાજ માટે ન્યાય વ્યવસ્થા પર લોકોનો ભરોસો જરુરી : વડાપ્રધાન

નર્મદા,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના નર્મદા જિલ્લાના એકતા નગર ખાતે આયોજિત કાયદા મંત્રીઓ અને કાયદા સચિવોની અખિલ ભારતીય પરિષદના ઉદ્ઘાટન સત્રને વીડિયો સંદેશ દ્વારા સંબોધિત કર્યુ. આ કાર્યક્રમમાં ભારતીય કાયદા અને ન્યાયિક પ્રણાલી સાથે સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે નીતિ નિર્માતાઓને એક સામાન્ય પ્લેટફોર્મ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા બે દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

વીડિયો કોન્ફરન્સ દ્વારા કાયદા મંત્રીઓ અને કાયદા સચિવોની અખિલ ભારતીય પરિષદના ઉદઘાટન સત્રને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતના સમાજની વિકાસ યાત્રા હજારો વર્ષોની છે. તમામ પડકારો છતાં ભારતીય સમાજે સતત પ્રગતિ કરી છે. દેશની જનતાને સરકારની ગેરહાજરી ન અનુભવવી જોઈએ અને દેશની જનતાએ સરકારનું દબાણ ન અનુભવવું જોઈએ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે જ્યારે દેશ આઝાદીના અમૃત પર્વની ઉજવણી કરી રહ્યો છે ત્યારે સરદાર પટેલની જનહિત અંગેની પ્રેરણા આપણને સાચી દિશામાં લઈ જશે અને ધ્યેય સુધી પણ લઈ જશે. તેમણે કહ્યું કે ન્યાય મેળવવામાં કોઈ વિલંબ ન થવો જોઈએ. સરકારે ઘણા કાયદાઓ નાબૂદ કર્યા છે. ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવો જરૂરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યુ કે, આપણા સમાજની સૌથી મોટી વિશેષતા એ છે કે તે પ્રગતિના પંથે આગળ વધવાની સાથે સાથે આંતરિક રીતે પણ પોતાની જાતને સુધારતો રહે છે. આપણો સમાજ પણ અપ્રસ્તુત, ખોટા રિવાજો બની ગયેલા નિયમો અને નિયમોને દૂર કરતો જાય છે.

# પાલનપુર-ડીસા હાઈવે પર વેપારીની આંખમાં મરચું નાખી અજાણ્યા શખ્સોએ રૂ. ૬ લાખની લૂંટ ચલાવી



પાલનપુર,તા.૧૫

પાલનપુર-ડીસા નેશનલ હાઈવે ઉપર એક વેપારીની ગાડી સાથે ઈકોગાડી ટકરાવી ઈકો ગાડીમાં સવાર લોકોએ ૬ લાખથી વધુની રકમ ભરેલી બેગની લૂંટ ચલાવી હતી. રાત્રિના સમયે લૂંટનો બનાવ બનતા એસ.ઓ.જી, એલસીબી સહિત બનાસકાંઠા પોલીસ ઘટના સ્થળ પર દોડી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર-ડીસા હાઈવે કુશલ પાટિયા નજીક ડીસાથી આવી રહેલા એક વેપારીની ગાડી સાથે ઈકો ગાડી ટકરાવી વેપારીની આંખમાં મરચું નાખી અજાણ્યા શખ્સોએ લૂંટ ચલાવી હતી. લૂંટારૂઓએ ઈકો ગાડી વેપારીની ગાડી આગળ જઈ ઉભી કરી ગાડીમાંથી વેપારીને નીચે ઉતાર્યો હતો. જોકે, વેપારીએ ઈકો ગાડીની નંબર પ્લેટ પર નજર મારતાં ઈકો ગાડીની આગળ પાછળ નંબર પ્લેટ ન હતી.

ઈકો ગાડીમાંથી કેટલાક ઈસમો નીચે ઉતરી વેપારી નજીક જઈ મોઢા પર મરચાની ભૂકી નાખતા વેપારીને થોડા સમય માટે અંધાપો છવાઇ ગયો હતો અને કેટલાક ઈસમોએ લાકડી વડે વેપારીને માથાના ભાગે માર મારવા લાગ્યા હતા. તે દરમિયાન ગાડીમાંથી એક અન્ય ઈસમ ઉતરી વેપારીની સ્કોર્પીઓ ગાડીમાંથી ૬ લાખ ભરેલી બેગ ઉઠાવી ઈકો ગાડીમાં બેસી ગયો હતો અને ત્યારબાદ ઈકો ગાડી લઇ ફરાર થઇ ગયો હતો.

વેપારીને મારી રહેલા બે ઈસમો હાઈવે પર રોડની બાજુમાં ખેતરોમાં દોડી ગયા હતા. બનાવની જાણ બનાસકાંઠા પોલીસને થતા એલ.સી.બી, એસ.ઓ.જી સહિત બનાસકાંઠા પોલીસ ઘટનાસ્થળ પર તાત્કાલિક દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત વેપારીને સારવાર માટે પાલનપુર ખસેડી બનાસકાંઠા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર એસટી ડેપોમાં પાર્ક કરાયેલી એસટી બસના ડ્રાઈવરના કબ્જામાંથી ૫૫ બોટલ દારૂ મળી આવી

જામનગર,તા.૧૫

જામનગર એસટી ડેપો ખાતે ચેકિંગમાં દરમીયાન ભિલોડા જામનગર રૂટ લખેલ ય્ત્ન-૧૮-ઢ-૬૯૭૭ નંબરની બસમાંથી પેસેન્જરો ઉતર્યા બાદ આ બસને ચેક કરવામાં આવી હતી. ચેકિંગ કરતાં બસમાંથી દારૂ મળી આવ્યો હતો. બસના બેટરી બોક્સ, લગેજ બોક્સ, સહિતની જગ્યાઓમાંથી છુપાવેલ અલગ અલગ ૫૫ બોટલ અંગ્રેજી શરાબની બોટલો મળી આવી હતી. વિજીલન્સ વિભાગના અધિકારી દ્વારા બસના ડ્રાઈવર દિલીપસિંહ રાઠોડ વિરુદ્ધ સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં ધોરણસરની કાર્યવાહી માટે ફરિયાદ દાખલ કરવી હતી.જામનગર એસટી ડેપોમાં પાર્ક કરાયેલી એસટી બસના ચાલકને એસટી વિજીલન્સની ટીમએ વિદેશી દારૂના જથ્થા સાથે પકડી પાડ્યો છે. રાત્રે વિજિલન્સે તાકીને એસટી બસમાં ચેકિંગ કરતા ડ્રાઈવરના કબ્જામાંથી ૫૫ બોટલ દારૂ મળી આવ્યો હતો. જેને લઈને એસટી વિઝીલન્સની ટીમ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.જામનગર એસટી બસમાં ચાલક દ્વારા વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવતી હોવાની એસટી વિજિલન્સ ની ટીમને ચોક્કસ હકીકત મળી હતી. જેને આધારે એસ.ટી.વીજલેન્સની ટીમ દ્વારા ભિલોડા જામનગર રૂટ લખેલ ય્ત્ન-૧૮-ઢ-૬૯૭૭ નંબરની બસમાંથી પેસેન્જરો ઉતર્યા બાદ આ બસને ચેક કરવામાં આવતા બસના બેટરી બોક્સ, લગેજ બોક્સ, સહિતની જગ્યાઓમાંથી છુપાવેલ અલગ અલગ ૫૫ બોટલ અંગ્રેજી શરાબની બોટલો મળી આવી હતી.એસ.ટી. વિજિલન્સ સુરક્ષા નિરીક્ષક પંકજભાઈ વીઠલ્લભાઈ માંકડીયાની ટીમે ચેકીંગ કરતા ચાલક દીલીપસીંહ હીમતસિંહ રાઠોડ રહે- ગામ રાયસંગ પુર તા- હિંમતનગર, જી-સાબરકાંઠા વાળાના કબજામાંથી પાસ પરમીટ વગર ભારતીય બનાવટની વિદેશી દારૂની કાચની કંપની શીલબંધ બોટલ નંગ-૫૫ મળી આવી હતી. જેને લઈને વિજિલન્સની ટીમે રૂપિયા ૨૭,૫૦૦ની કિંમતનો દારૂ કબ્જે કરી ચાલક સામે સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી હતી. એસટી બસ નો ચાલક જ વિદેશી દારૂની હેરાફેરી કરતો હોય જેને લઈને એસટી તંત્રમાં ભારે ચર્ચાનો દોર ચાલ્યો છે.

# મોરબીમાં ભાજપની ગૌરવયાત્રાનો ઠેર-ઠેર ફિયાસ્કો, કેન્દ્રીય મંત્રીની સભામાં પણ ખુરશીઓ ખાલી ખમ

મોરબી,તા.૧૫

ગુજરાતમાં વિકાસની વાહવાહીનો પિયુષ ગોયેલને થયો કડવો અનુભવ થયો છે. ભાજપ સરકાર ભલે ગુજરાતના વિકાસની વાતો કરતી હોય પણ ઉપરથી દેખાય અને કાગળમાં ચિતરાય એ બધું સાચું હોતું નથી.

ભાજપની ગૌરવયાત્રાનો ઠેર ઠેર ફિયસ્કો જોવા મળી રહ્યો છે. ગૌરવ યાત્રામાં પહોંચી રહેલા નેતાઓ કાર્યકર્તાઓનો લોકો વિરોધ કરતા જોવા મળી રહ્યા છે. ત્યારે મોરબી નગરદરવાજા ચોકમાં સભામાં પણ કંઈક એવી જ સ્થિતિ જોવા મળી હતી, આ કાર્યક્રમમાં પણ ખુરશીઓ ખાલી જોવા મળી હતી.

મહત્વનું છે કે, કેન્દ્રિયમંત્રી પિયુષ ગોયલની હાજરીમાં જ સભામાં ખુરશીઓ ખાલી જોવા મળી હતી. જાહેર ચોકમાં સભા હતી છતાં ૫૦૦ ખુરશીઓ પણ ન ભરાઈ હોવાની સ્થિતિ સર્જાઈ હતી. ગઈકાલે સાંજે યોજાયેલી સભામાં ખુરશીઓ ખાલી જોવા મળતા સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે લોકોને વિકાસની વાતો સાંભળવામાં રસ નથી પડી રહ્યો.

વાહવાહ અને વિકાસની વાતો કરતી ગૌરવ યાત્રાનો મોરબીમાં પિયુષ ગોયેલની હાજરીમાં પ્રારંભ કરાયો હતો પણ આ યાત્રામાં જ ભાજપના સાંસદ મોહન કુંડારિયા વિરૂદ્ધ નારેબાજી કરવામાં આવી હતી.

ભીડ એટલી એકઠી થઈ ગઈ હતી કે સાંસદ મોહન કુંડારિયા અને પિયુષ ગોયલે વાનમાં ભરાઈ જવું પડ્યું હતું. આ યાત્રાનું સ્વાગત કરવા માટે માંડ ૫૦૦ લોકો હાજર રહ્યાં હતા.

ઉલ્લેખનીય છે કે, મોદી, નડ્ડા અને અમિત શાહની સભામાં ખુરશીઓ ભરાતી નથી એ ગુજરાત ભાજપ માટે સૌથી મોટી ચિંતાનો વિષય બન્યો છે.

ભાજપ ભલે મોટા મોટા વિકાસના દાવાઓ કરતી હોય પણ આ ચૂંટણી નવા સમીકરણો દેખાડી રહી છે.

ભાજપે જો રણનીતિ નહીં બદલી તો મોદી અને શાહના તમામ ગણિતો ખોરવાઈ જશે, ભાજપ મસમોટી જીતના કાગળ પર ભલે દાવાઓ કરી રહી હોય પણ વાસ્તવિક ચિત્ર કંઈક અલગ છે.

# એસટી નિગમ તહેવારો માટે સજ્જ,પ્રવાસીઓ માટે વધારાની ૨૩૦૦ બસ દોડાવશે

અમદાવાદ,તા.૧૫

દિવાળીના તહેવારને લઈ રેલવે સ્ટેશન હોય કે પછી બસ સ્ટેશન, પ્રવાસીઓનો ધસારો વધી જાય છે. તહેવારમાં દરેક વ્યક્તિ પોતાના વતનમાં જવા માગતા હોય ત્યારે આ અંગે એસટી નિગમ પણ સજ્જ થયું છે અને મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે ગુજરાત એસટી નિગમ દ્વારા વધારાનની ૨૩૦૦ બસો દોડાવવામાં આવશે.એસટી નિગમ તરફથી દરેક તહેવારમાં પ્રવાસીઓ માટે વિશેષ વ્યવસ્થા કરતા હોય છે. ત્યારે તંત્ર દ્વારા ૧૯થી ૨૪ ઓક્ટોબર દરમિયાન વધારાની બસો દોડાવવામાં આવશે.ચાલુ વર્ષે પણ દિવાળીના તહેવારને લઈ વધારાનું સંચાલન કરવા માટે સજ્જ થઈ ગયા છે. એસટી નિગમ પ્રવાસીઓ માટે વધારાની ૨૩૦૦ બસો દોડાવાશે. અમદાવાદ વિભાગથી પણ વધારાની ૭૦૦ બસો દોડાવવામાં આવશે. જેથી પ્રવાસીઓને બસની સુવિધા મળી રહે. આ તરફ સુરતમાં સૌથી વધુ સૌરાષ્ટ્રવાસીઓ વસી રહ્યા છે. સાથે સાથે ગુજરાતભરમાંથી લોકો દિવાળી વેકેશન દરમિયાન વતનમાં જતા હોય. જેને લઈ સુરત વિભાગમાંથી વધારાની ૧૫૫૦ બસો દોડાવશે.ખાસ કરીને સૌરાષ્ટ્ર, પંચમહાલ, દાહોદ, ગોધરા, ઝાલોદ માટેનુ વધારાનુ સંચાલન કરાશ. આ માટે તમામ અધિકારી હેડકવટર્સમાં રહી સંચાલનમાં મદદ કરશે. તો બીજી તરફ ટ્રેનમાં પણ મુસાફરોનો ધસારો રહેતો હોવાથી રેલ્વે વિભાગ દ્વારા પણ ફેસ્ટિવલ સ્પેસિયલ ટ્રેનો દોડાવવામાં આવશે . ફેસ્ટિવલ સ્પેસિયલ ટ્રેન માટેના રિઝર્વેઝશન અને બુકિંગની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.તો બીજી તરફ તહેવારોને ધ્યાને રાખતા વિવિધ પ્રવાસન સ્થળોએ પણ પૂરતી વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે કારણ કે આ વર્ષે કોરોના કાળમાં રાહત હોવાથી પ્રવાસીઓ સતત ઘરની બહાર નીકળીને પ્રવાસ કરવાનો પસંદ કરી રહ્યા છે ત્યારે પ્રવાસીઓ માટે ગેસ્ટ હાઉઇ, હોટેલ સહિતની સુવિધાઓના બુકિંગમાં પણ વધારો જોવા મળ્યો છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલ સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001

CMYK